| PUBLICATION NAME : | Gujarat Pranam |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/03/24 |
| PAGE : | 3 |

# રવાન્ડા અને કેન્યાના ૪૩ ઈન્ટરનેશનલ પ્રોફેશનલ્સે ઈડીઆઈઆઈ ખાતે તેમની કુશળતા અને ક્ષમતાઓનું નિર્માણ કર્યું

અમદાવાદ, ૨૬ માર્ચ, ૨૦૨૪ – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદે કેન્યા અને રવાન્ડાના ૪૩ પ્રોફેશનલ્સને તેના કેમ્પસમાં શુક્રવારે યોજાયેલા એક સમાપનવિધિમાં સર્ટિફિકેટ્સ એનાયત કર્યા હતા. ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (આઈટીઈસી) ડિવિઝન દ્વારા સ્પોન્સર કરાયેલા બે પ્રોગ્રામ્સમાં Gender Responsive Governance in Entrepreneurship (2-Week Programme) and Bringing Digital Efficiency in Cooperatives, (3-Week Programme) સમાવિષ્ટ હતા અને તે ઈડીઆઈઆઈ ખાતે શુક્રવારે સંપન્ન થયા હતા.

આ સમાપનવિધિમાં નવી દિલ્હીમાં કેન્યા હાઈ કમિશનના હાઈ કમિશ્નર ઓજીડબ્લ્યુ માનનીય પીટર મેઈના મુન્યિરિ ઉપસ્થિત રહ્યા હતા.